# ટાઈલ્સ ફીટીંગ વખતે કરંટ લાગતા મજુર યુવાનનું મૃત્યુ

## સરગાસણ ખાતે નવી બની રહેલી રેસીડેન્સી સાઈટ પર સવારે બનેલો બનાવ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક આવેલા સરગાસણ ગામ પાસે નવી બની રહેલી રેસીડેન્સી સાઈટ પર ટાઈલ્સ ફીટીંગનું કામ કરી રહેલા એક યુવા શ્રમિકને આજે સવારના સુમારે વિજ કરંટ લાગતા તેનું કરૂણ મોત નિપજયું છે. સેકટર-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને પોસ્ટ મોર્ટમ કરાવી ઘટનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર નજીક આવેલા સરગાસણ ગામની સીમમાં રત્નાગીરી રેસીડેન્સી ગામની નવી બાંધકામ સાઈટ ચાલી રહી છે. જેમાં મજુરો કામ કરી રહ્યા હતાં તે દરમિયાન આજે સવારના અરસામાં ટાઈલ્સ ફીટીંગનો કારીગર કામ કરી રહ્યો હતો. ટાઈલ્સ ફીટીંગ વખતે એકાએક વિજ કરંટ કોઈ રીતે લાગી જતાં ૨૫ વર્ષીય દિનેશ અમરતભાઈ મેણાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતાં. તાત્કાલીક તેમને ગાંધીનગર સીવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વિજ કરંટ કેવી રીતે લાગ્યો? કોન્ટ્રાકટરની બેદરકારી હતી કે કેમ? તે સહિતની ઉંડી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા સમાજના સભ્યોના પરિવારના તેજસ્વી તારલાઓનું સન્માન યોજાયું હતું. પવિત્ર યાત્રા ધામ વિકાસ બોર્ડના ચેરમેન શ્રી મહેન્દ્ર ત્રિવેદીના વરદ્‌હસ્તે તેજસ્વી તારલાઓનું અભિવાદન કરાયું હતું. આ સમયે મોટી સંખ્યામાં સંસ્થાના સભ્યો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સુરક્ષા હેતુ અંતર્ગત પોલીસ પબ્લીક વચ્ચે વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર ડીએસપી કચેરી ખાતે શનિવારે રાત્રે સુરક્ષા હેતુ અંતર્ગત પોલીસ પબ્લિક નાઈટ શુટઆઉટ વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર ડીવીઝન અને કલોલ ડીવીઝનના પોલીસ સ્ટાફની ટીમો તથા નાગરીકોની ટીમોએ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. ફાઈનલમાં સેકટર-૭ પોલીસની ટીમ વિજેતા બની હતી. ઈન્ચાર્જ એસ.પી. જે.એ. જાડેજા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના અમલદારો તથા સ્પર્ધામાં ચીયર્સઅપ કરવા કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# ઈન્ડિયન મેડિકલ એસોસિએશને મધુર ડેરીની મુલાકાત યોજી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. મધુર ડેરી ગાંધીનગર ખાતે તાજેતરમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન ગાંધીનગર પરિવારે મુલાકાત યોજી ડેરી અંગેની માહિતી મેળવી હતી.

મધુર ડેરીની મુલાકાતે આવેલા ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના સર્વે ડોકટર મિત્રોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મધુર ડેરીની એક ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવામાં આવી હતી. આ પ્રસંગે મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડૉ. અનિલભાઈ ચૌહાણ, ડૉ. દિનેશભાઈ બારોટ, નિવૃત્ત માહિતી અધિકારી તથા સમાજ સેવક એવા વિનોદભાઈ રાઠોડ અને મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાનું મધુર ડેરીના નિયામક મંડળના નિયામકો દ્વારા પુષ્પગુચ્છ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે

ડૉકટરોએ પોતાનો પરિચય આપ્યો હતો. એસોસિએશનના પ્રમુખ ડૉ. અનિલભાઈ ચૌહાણે ડેરીની મુલાકાત કરવા માટે સર્વે મધુર ડેરીના સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો. સંસ્થાના મેનેજીંગ ડિરેક્ટર રોહિતભાઈ મહેતાએ ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના સર્વેસભ્યોને મધુર ડેરીની મુલાકાત લેવા બદલ આનંદની લાગણી અનુભવી અને મધુર ડેરીની કામકાજ અંગે સર્વેને માહિતગાર કર્યા હતા.

# અનેક હેરતભર્યા પ્રયોગો મોતના કુવામાં દેખાડી કલાકાર મુકુંદ રાણા દર્શકોની વાહવાહ મેળવી રહ્યા છે

## ફનપાર્કમાં કેટલાક દર્શકો માત્ર મોતનો કુવો જ જોવા આવે છે

ગાંધીનગર, તા. ૨૧

મેળો એ આપણી ભાતીગળ સંસ્કૃતિનું એક અમુલ્ય અંગ છે. સૌરાષ્ટ્રની જેમ ભલે અહીં ગાંધીનગરમાં મેળાઓ લોકપ્રિય ન હોય પરંતુ છેલ્લા ચાર પાંચ વર્ષથી અહીં યોજાતો ફનપાર્ક ગાંધીનગરાઓને મેળાની ફીલ આપે છે મેળો એટલે મોટી ચકરડી, ઝુલાઓ, જાદુના ખેલ, ફજેત ફાળકો અને મોતનો કુવો...મોતના કુવામાં અવનવા હેરત અંગેજ ખેલ દેખાડનાર કલાકારની કલાને ગાંધીનગરાઓ માણી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં આવેલ ફનપાર્કમાં મોતનો કુવો જોવા મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટી પડે છે. મોતના કુવામાં ઉતરતા લોકોની સાહસવૃત્તિ પણ અનોખી હોય છે. હરપળ મોતના કુવામાં મોતને હાથતાળી આપીને લોકોને આનંદ કરાવતા નોખી માટીના નોખા કલાકાર છે. વાત કરીએ ફનપાર્કમાં આવેલા મોતના કુવામાં મારૂતિ ફન્ટી ચલાવતા મુકુંદ રાણાની.

મુકુંદ રાણા ઉત્તરપ્રદેશના વતની છે. તેઓના પરિવારમાં પત્ની અને ચાર બાળકો છે. ૩૯ વર્ષીય મુકુંદ ૧૮ વર્ષથી મોતના કુવામાં મારૂતિ ફન્ટી ચલાવે છે. તેઓને આજ

● અનુસંધાન પાના - ૭ પર

# સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર સ્પર્ધાત્મક તાલીમવર્ગોનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આગામી તા. ૨૮ જુલાઈ, ૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે બ્રહ્મભવન સેક્ટર૧૬ ખાતે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલિમવર્ગોનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાશે. જેમાં સમાજના વિષય નિષ્ણાંતોની મદદથી તાલીમ આપવામાં આવશે.

આ સમારોહમાં પેટલાદ, દંતાલી આશ્રમના પુજય સ્વામી સચ્ચીતાનંદજી મહારાજ, પૂજય આચાર્ય ઘનશ્યામ મહારાજ, ગૃહ વિભાગના મુખ્ય સચિવ ડૉ. એસ. કે. નંદા, રાજય પોલીસ વડા અમિતાભ પાઠક, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી, ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહા તેમજ લવજીભાઈ દાલીયા ખાસ ઉપસ્થિત રહેશે. તેમ સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના પ્રમુખ પિનાકીન રાવલ અને મંત્રી નરેશ દવેએ જણાવ્યું છે.

### આજે દિવ્યજીવન સંઘ દ્વારા પાદુકા પૂજન

દિવ્ય જીવન સંઘની ગાંધીનગર શાખાના માનદ મંત્રીએ જણાવ્યું છે કે આજે ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગ નિમિત્તે દિવ્ય જીવન સંઘની સ્થાનિક શાખા સે-૨૭, આનંદનગર ખાતે સવારે ૮.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન શ્રી સદ્‌ગુરુ પાદુકા પૂજનનો સામુહિક કાર્યક્રમ યોજાશે.

### ગાયત્રી પરિવાર ગૌરીવ્રતની બહેનોને જાગરણ કરાવશે

ગાયત્રી શક્તિપીઠ સેક્ટર-૧ ગાંધીનગર દ્વારા નાની બાલિકાઓના ગૌરીવ્રતના જાગરણ નિમિત્તે આજે તા. ૨૨ જુલાઈ-૨૦૧૩ સોમવારના રોજ રાત્રે૯થી ૧૨ કલાક દરમ્યાન સંગીત, રમત-ગમતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રી જાગરણમાં શહેરની બાળાઓને રમતગમતમાં જોડાવા માટે જણાવાયું છે.

# રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના પરિવારે માનવ સ્મૃતિ સંસ્થાની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૧

માનસિક રીતેઅસ્વસ્થ બાળકોને આનંદ અને હૂંફ આપવાના નમ્ર પ્રયાસ સાથે રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના સભ્યોએ 'માનવ સ્મૃતિ' સંસ્થાના બાળકોની મુલાકાત લઈ ભોજન સાથે રમતગમતની પ્રવૃત્તિઓ યોજી બાળકોને પ્રેરણાત્મક હૂંફ આપી હતી.

ગાંધીનગર શહેરમાં સતત સેવાકીય પ્રવૃતતિઓમાં કાર્યરત રહેતી રોટરી ક્લબ દ્વારા આજ રોજ મંદબુદ્ધિના બાળકોની સંસ્થા 'માનવ સ્મૃતિ'ની સરગાસણ ખાતે મુલાકાત યોજવામાં આવી હતી. શાળામાં અભ્યાસ કરતાં ૪૦ વિદ્યાર્થીઓને રોટરી ક્લબ દ્વારા સ્લેટ-પેન, શેતરંજી, દવાઓ, નાસ્તો, ૬ બેચ અને ૨ બેસવા માટેના બાંકડા ભેટ આપવામાં આવ્યા હતા.

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર પરિવાર સાથે સ્મૃતિ મંદિર ખાતે હાજર રહ્યું હતું. આ પ્રસંગે પ્રમુખ રાહુલ મહેતા, પ્રોજેક્ટ ચેરમેન ચૈતન્ય શુકલ અને નામી અનામી મહાનુભાવો જોડાયા હતા. બાળકો સાથે ભોજન લીધુ હતુ અને દિવસ દરમ્યાન રમતગમતની મનોરંજન પ્રવૃત્તિઓ યોજી દિવસ આનંદમયી રીતે બાળકો સાથે ગાળ્યો હતો. આ પ્રસંગે બાળકોને ગીફ્ટ પણ આપવામાં આવી હતી.

# આજે સંત રોહિદાસ સેવા સમાજ દ્વારા ગુરૂપૂર્ણિમા ઉજવાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૬માં આવેલા સંત શ્રી રોહિદાસ સેવા સમાજ દ્વારા આજે ગુરૂપૂર્ણિમા નિમિત્તે રાત્રે ૮.૩૦ કલાકે ભજન સત્સંગનો કાર્યક્રમ યોજાશે.

સંતશ્રી રોહિદાસ સેવા સમાજના મંત્રી દ્વારા જણાવાયું છે કે આજે ગુરૂપૂર્ણિમા નિમિત્તે રાત્રે ૮.૩૦ કલાકે ભજન સત્સંગનો કાર્યક્રમ સ્મૃતિ મંદિર અને સેવા સંકુલ, સેકટર-૬ ગાંધીનગર ખાતે ગાયક કલાકાર મગનભાઈ પરમાર, બી.એમ. સોલંકી અને સાથી કલાકારો સાથે યોજાશે. ગુરુનો મહિમા ગાતા ભજનોની રમઝટ કલાકારો બોલાવશે એમ સંસ્થાના પ્રમુખ અનિલ પરમાર અને મંત્રી જીવણભાઈ પરમારે સંયુક્ત યાદીમાં જણાવ્યું છે.

# અષાઢી અગિયારસે મહારાષ્ટ્ર સમાજમાં ગાજ્યો પાંડુરંગ પાંડુરંગ હરિ વિઠ્ઠલાનો ભક્તિ નાદ

ગાંધીનગર, તા. ૨૧

મહારાષ્ટ્રમાં પંઢરપુરમાં આવેલાં વિઠ્ઠલ-રૂકમણીનો મહિમા અપરંપાર છે. ગુજરાતમાં જેમ ભાદરવી પૂનમે ભક્તિ સાથે ભક્તોનો મહાસાગરનું વહેણ અંબાજી તરફ વહે છે, એમ અષાઢી અગિયારસે મરાઠી બંધુઓ પંઢરપુર યાત્રાએ વિઠ્ઠલા વિઠ્ઠલાના નાદ સાથે નીકળે છે.

ગાંધીનગરમાં સે. ૨૧માં મહારાષ્ટ્ર સમાજ ભવન આવેલું છે ત્યાં અષાઢી અગિયારસે વિઠ્ઠલાનો મહિમા ગાવાનો એક ભક્તિમય કાર્યક્રમ યોજાઈ ગયો. વિઠ્ઠલાની આરતી ઉતારી પધારેલા મુખ્ય મહેમાન બાબારામ ભોંસલેનું સ્વાગત કલ્પેશ બાલપાંડે અને બીજા અતિથિ રમેશ મહાદેવ પ્રભુનું પુષ્પગુચ્છથી સ્વાગત સમાજના ઉપાધ્યક્ષ સંજય હેમચંદ્ર થોરાતે કર્યું. રમેશ પ્રભુએ અષાઢી અગિયારસનું માહત્મ્ય અને વિઠ્ઠલાની વિશેષ રસપ્રદ માહિતી આપી.

સમાજમાં ઉત્સાહી સદસ્યા અનુજા નાફડેએ પંઢરપુર અને એની યાત્રાની ભક્તિના મહત્વની વાતો કરી. સમાજની મહિલામંડળ દ્વારા એક 'વિઠ્ઠલા'ના ભજન સંધ્યાનું આયોજન કર્યું હતું. કુંદા જોષી, ડૉ. સુમેધા મહાજની, મીના પ્રભુદેસાઈ, બાલારામ ખાંદારે, તબલા ઉત્સાદ બર્વે મળીને 'પાંડુરંગ પાંડુરંગ હરિ વિઠ્ઠલાનો' ભક્તિનો નાદ ગૂજતો કરી દીધો.

આ દિવસે ખાસ બુબકા (એટલે કે એક કાળો ચાંદલો) સૌને લગાડવામાં આવ્યો. ભક્તિરસનાં આ કાર્યક્રમમાં પ્રમુખ સોમનાથ ખાંદારે, મંત્રી ચંદ્રકાંત કાંબળેએ સમાજની થઈ રહેલી પ્રગતિને ભારોભાર વખાણી. આ કાર્યક્રમમાં સંતોષ મૂળે, અતૂલ કરમરકર, સુધીર વિચારે, કિરીટ કાંબળે, સંદીપ પાંગે અને પ્રકાશ વિચારેએ સુંદર આયોજનમાં ભક્તિમય બની સાથ સહકાર આપ્યો. અષાઢી અગિયારસ એટલે દેવપોઢી અગીયારસ આજથી પ્રભુ ભક્તિ-કિર્તનનો ઉઠેલા નાદ ચાતુર્માસ સુધી મનમાં વાગ્યા કરે છે અને એટલે જ ભજન-કિર્તન સાથે વિઠ્ઠલાનાં ગુણગાન ગવાય છે. મહારાષ્ટ્ર સમાજનાં સૌ ભક્તજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભક્તિમય બન્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪
સૂર્યાસ્ત : ૭.૧૬

## તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૬૫ ટકા

## મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
રમૈયા વસ્તાવૈયા : ૯.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
૫ ગુડ રોડ(ગુજરાતી) : ૧૨.૩૦

: સ્ક્રીન-૨ :
ભાગ મિલ્ખા ભાગ : ૯.૩૦, ૧.૦૦, ૪.૩૦, ૮.૦૦

: સ્ક્રીન-૩ :
ડી-ડેય : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૪ :
રમૈયા વસ્તાવૈયા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સૂર્યા, વાવોલ**

રમૈયા વસ્તાવૈયા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
ડી-ડેય : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦,૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયાઃ ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
પોલીસગીરી : ૧૦.૦૦, ૪.૧૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૪૫, ૭.૦૦, ૧૦.૩૦

**ચિરાગ, કલોલ**

રમૈયા વસ્તાવૈયા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : અટકેલા નાણાં પ્રાપ્ત થશે. ગૂઢ સંશોધન કરનારા લોકો માટે શુભ સમય, અપરણિતો માટે યોગ્ય જીવનસાથી પસંગદગી થશે. કુટુંબમાં કોઈ મંગળ કાર્ય થશે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**વૃષભ** : ભાગીદારી સંબંધી વિવાદમાં ઉતાવળમાં નિર્ણય ન લેવો. વ્યાપાર-વ્યવસાય કે રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થવાની સંભાવનાઓ છે. પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસ સાર્થક થશે.

**મિથુન** : શિક્ષણ ક્ષેત્રે નવા લક્ષ્યો સર કરશો. વ્યાપાર, વિસ્તાર સંબંધી કાર્ય થશે. આપની નવી યોજનાઓનું આયોજન થશે. જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબમાં સામંજસ્ય બન્યું રહેશે.

**કર્ક** : કલાત્મક કર્મક્ષેત્રની મુશ્કેલીઓનો ઉકેલ કરવા માટે યાત્રા થશે. તમારા કાર્યોની સમાજમાં માન-સન્માન અને પ્રસંશામાં વધારો થશે. વાંચવા લખવાનાં કાર્યોમાં રુચિ જાગૃત થશે.

**સિંહ** : વેપાર-રોજગારમાં સમસ્યાઓ ઊભી હોવા છતાં આપના કાર્યો પૂર્ણ થઈ શકશે. આર્થિક લાભનાં સ્ત્રોતથી સંબંધી સમસ્યાઓ છતાં કાર્ય થશે. ધાર્મિક-આધ્યાત્મિક કાર્યમાં સમય પસાર થશે .

**કન્યા** : કુટુંબમાં ઉત્સવ સંબંધી વિશેષ આયોજનનો થશે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આજે પ્રાપ્ત થઈ શકે છે. વેપાર-ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક મળશે.

**તુલા** : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્ય થશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુઓ પર વિજય પ્રાપ્ત થશે. પ્રયત્નોનો ફળ તુરંત પ્રાપ્ત થઈ શકશે. દુસ્સાહસ ન કરવું. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે.

**વૃશ્ચિક** : ધન સંચય કરવા માટે વ્યાપારિક યોજનાઓ બનશે. તમારા અટવાયેલા કાર્યો સમય પર પૂરા કરી શકશો. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠા વૃદ્ધિના કાર્ય થશે.

**ધન** : અચાનક ધન પ્રામિના કર્મક્ષેત્ર સંબંધી વિશિષ્ટ પરિવર્તનકારી યોજનાઓમાં ભાગ્યવૃદ્ધિનો યોગ. ધર્મ સંબંધી કાર્યોમાં રુચિ અને યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મકર** : ગહન શોધના કાર્યોમાં સમય પસાર થશે. સ્થાયી મિલકતની ખરીદી-વેચાણ થઈ શકે છે. જૂના કાર્યોનું પરિણામ આજે પ્રાપ્ત થઈ શકે છે.

**કુંભ** : મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. વરિષ્ઠ વ્યક્તિઓ અને નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવાઓ છે. શાસનથી વિશેષ લાભ.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદો વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થવાની સંભાવનાઓ છે. કલાક્ષેત્રે જોડાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્ત થશે.

## ચિરવિદાય

- સ્વ. સરોજબેન નરસિંહભાઈ પંડ્યા (ઉ.વ. ૫૩) બ્લોક નં. ૭૩૬/૪, ચ-૧ ટાઈપ, સેકટર-૮, ગાંધીનગર.
- સ્વ. ભૂપતલાલ દામોદરદાસ મોઢેસરા (ઉ.વ.૭૫) બ્લોક નં. ૩૩૮/૨, સેકટર-૧૨/સી, ગાંધીનગર.
- સ્વ. કાન્તિલાલ જીણાભાઈ મકવાણા (ઉ.વ.૭૦) બ્લોક નં. ૩૦૭/૨, સેકટર-૫/એ, ગાંધીનગર.
- સ્વ. સવિતાબેન ડાહ્યાભાઈ મિસ્ત્રી (ઉ.વ.૭૦) બી-૨/૭, શાલીન-૨, મુ.પો. વાવોલ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. ભગવતીબેન મણિશંકર જોશી (ઉ.વ.૮૧) ૬૦/૨, ટાઈપ-૩, જી.ઈ.બી. કોલોની, ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મણજી ભલાજી ઠાકોર (ઉ.વ.૭૫) મુ.પો. નરોડા, અમદાવાદ.